વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
એરૂ ચાર રસ્તા, નવસારી–૩૯૬૪૫૦
ફોન : ૦૨૬૩૭–૨૮૨૦૨૬, ફેકસ : ૦૨૬૩૭–૨૮૨૭૦૬ e-mail: dee@nau.in, Website: www.nau.in

# પરિપત્ર

**કૃષિ મહોત્સવ–૨૦૧૫ની કામગીરી માટે સેવા નિયુકત કૃષિ વૈજ્ઞાનિકોના મુસાફરી ભથ્થાનો ખર્ચ તેઓના યુનિટ/સબ યુનિટ હેઠળની યોજનાઓની ઉપલબ્ધ ગ્રાન્ટમાંથી પાડવા બાબત.**

જયભારત સહ જણાવવાનું કે, ચાલુ વર્ષે રાજય સરકારશ્રી દ્વારા તા.૨૨/૦૪/૨૦૧૫ થી ૧૧/૦૫/૨૦૧૫ (દિન–૨૦) સુધી કૃષિ મહોત્સવ–૨૦૧૫નું આયોજન કરવામાં આવેલ હતું. કૃષિ મહોત્સવ અંતર્ગત દક્ષિણ ગુજરાતની ૧૮૫ જેટલી જિલ્લા પંચાયતની સીટો પર યોજાયેલ સેમીનાર અને કૃષિ પ્રદર્શન-કમ-સેલ્સની કામગીરી માટે યુનિવર્સિટીમાંથી ૨૦૦ જેટલાં કૃષિ વૈજ્ઞાનિકોની સેવાઓની ફાળવણી કરવામાં આવેલ હતી.

ઉપર્યુકત કામગીરી માટે સેવા નિયુકત કૃષિ નિષ્ણાંતોના મુસાફરી ભથ્થાંનો ખર્ચ તેઓના યુનિટ/સબ યુનિટ હેઠળની સબંધિત પ્લાન/નોન-પ્લાન/આઈ.સી.એ.આર./અધર એજન્સી યોજનાઓની ઉપલબ્ધ ગ્રાન્ટમાંથી પાડવાનો રહેશે.

આ પરિપત્ર અત્રેની કચેરીની તા.૦૮/૦૫/૨૦૧૫ની નોંધ પર માન. કુલપતિશ્રીની મંજૂરી લઈને યુનિવર્સિટીના કામકાજના હિતમાં બહાર પાડવામાં આવે છે.

જા.નં. નકૃયુ/વિશિનિ/ડી–૧/વેબ–૧૫/૨૦૧૫
નવસારી તા.૧૩/૦૫/૨૦૧૫

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

**નકલ જયભારત સહ રવાના :**

૧. હિસાબ નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારૂં.
૨. વહીવટી–વ–હિસાબી અધિકારીશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ તથા ઘટતું થવા સારૂ.
૩. યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓના વડાઓ તરફ જાણ તથા ઘટતું થવા સારૂ.
૪. કૃષિ મહોત્સવ–૨૦૧૫ અંતર્ગત જિલ્લા પંચાયતની સીટ પર સેવા નિયુકત કૃષિ વૈજ્ઞાનિકો તરફ જાણ તથા ઘટતું થવા સારૂ.
૫. અત્રેની કચેરીમાં ડી–૧, ટી–૩, બી–૨ ટેબલ તરફ જાણ થવા સારૂ.